Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રીની પ્રતિભા

ભાગ ૧

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 8251

पंजिका संख्या

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૧૧૦

સરદારશ્રીની પ્રતિભા

ભાગ ૧

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

शूर संग्रामको देख भागै नहीं,
देख भागै सोओी शूर नाहीं ।
-- कबीर

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪



૪૦ નવા પૈસા એપ્રિલ, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સરદારશ્રી વલ્લભભાઈ પટેલને ગુજરાતમાં કોણ નથી જાણતું? પરંતુ આજે જેઓ નિશાળોમાં ભણે છે અથવા વીસેક વર્ષની ઉંમરના છે, તેઓને કદાચ નજરમાં રાખીને, શ્રી મુકુલભાઈએ આ નાનકડી ચોપડી તૈયાર કરી છે. નવશિખાઉ પ્રૌઢોને પણ એ ખપની બનશે અને તેઓ પણ સરદાર વિષે સારું વાચન પામશે.

શ્રી મુકુલભાઈએ આ ચોપડી, સરદારશ્રીના સ્વ૦ શ્રી નરહરિભાઈ પરીખ રચિત જીવનચરિતને આધારે, ઘડી છે. તેમાં તેમણે સરદારના કેટલાક લાક્ષણિક પ્રસંગો ચીતર્યા છે, કે જેની મદદથી સામાન્ય વાચક અને વિદ્યાર્થી પણ એમની અનોખી પ્રતિભા કળી શકશે. સાથે સાથે શ્રી મુકુલભાઈએ સરદારશ્રીનું ટૂંકું જીવનચરિત પણ ઉમેર્યું છે.

આ પ્રસંગો હપતે હપતે "લોકજીવન" પાક્ષિકમાં આવતા હતા, તે હવે પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ તેનો પહેલો ભાગ છે. ગુજરાતમાં સૌને એ ગમશે એમ માનું છું.

૯-૪-'૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
સરદાર વલ્લભભાઈ પટેલ	૫
સરદારશ્રીની પ્રતિભા	
૧. તિતિક્ષા	૧૧
૨. સહનશક્તિ	૧૨
૩. સત્યાગ્રહનો પહેલો પાઠ	૧૩
૪. શિક્ષકનો બહિષ્કાર	૧૪
૫. નીડરતા	૧૫
૬. સરદારશ્રીની માતૃવૃત્તિ	૧૭
૭. પહેરામણી સામે ટકોર	૧૮
૮. પ્લેગ સામે બાથ	૧૯
૯. બચાવ પક્ષના વકીલ	૨૦
૧૦. ભ્રાતૃભાવ	૨૧
૧૧. ધીરજની કસોટી	૨૨
૧૨. ધર્મપત્નીનું અવસાન!	૨૪
૧૩. સરદારશ્રીની પત્નીનિષ્ઠા	૨૬
૧૪. વકીલાતનો રંગ	૨૬
૧૫. વિલાયતમાં વિદ્યાભ્યાસ	૨૯
૧૬. વત્સલ પિતા	૩૦
૧૭. ગુમાન ઉતાર્યું	૩૨
૧૮. કામની પ્રેમભરી વહેંચણી	૩૪
૧૯. પ્રમાણપત્ર	૩૫
૨૦. ખાદીધારી વલ્લભભાઈ	૩૬
૨૧. સરદારશ્રીનો વિનોદ	૩૭
૨૨. બોધ આપવાની અનોખી રીત	૩૯
૨૩. ભણેલું ભુલાવી દેનાર આચાર્ય!	૪૦
૨૪. સરદારનો જલકમલવત્ સ્વભાવ	૪૧
૨૫. ભેંસોનું ભાષણ!	૪૨
૨૬. સરદારનું કાવ્ય	૪૩
૨૭. સેવા અને માનચાંદ	૪૪
૨૮. અનુયાયીની કસોટી	૪૫
૨૯. સરદારશ્રીનું નમ્ર આત્મપરીક્ષણ	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રી વલ્લભભાઈ પટેલ



સરદારશ્રી વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઑક્ટોબર ૧૮૭૫ ગણાય છે. સરદાર ખેડૂત કુટુંબમાં જન્મેલા હોઈ, ઘરમાં વિદ્યાવ્યાસંગનું ખાસ વાતાવરણ હતું નહીં. તેથી એમની જન્મતારીખની કોઈને બરોબર ખબર રહી નહીં. ઉપરની તારીખ એમના મૅટ્રિકના સર્ટિફિકેટ-માંથી મળેલી. સરદારનું મોસાળ નડિયાદ છે. તેમનો જન્મ ત્યાં જ થયેલો.

માતાપિતાનાં ધર્મપરાયણ અને સંયમી જીવનનો વારસો સરદારને પૂરતા પ્રમાણમાં મળ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદાર બ્રહ્મર્ષિ નહીં પણ રાજર્ષિ હતા. એમની ધાર્મિકતા, એમનો સંયમ, એમનો ત્યાગ, એમની તિતિક્ષા સાધુસંતોનાં નહીં પણ ક્ષત્રિય વીરનાં હતાં. એમનું વર્ણન ટૂંકમાં કરવું હોય તો એમ જ કહેવું જોઈએ કે, તે મહાયોદ્ધા હતા, વીર સુભટ હતા.

તેથી જ લોકહૃદયે એમને સરદાર તરીકે અપનાવ્યા છે. આગ્રહ, દૃઢતા, હસતે મોંએ શારીરિક દુઃખો સહન કરવાની અપાર શક્તિ, સંપૂર્ણ નિર્ભયતા, એ બધા મહાયોદ્ધાના ગુણો જ સરદારમાં પરાકાષ્ઠાએ જોવામાં આવે છે તે એમના પિતાના સંયમી અને આગ્રહી જીવનનો જ વારસો છે. સરદારને શારીરિક સહનશક્તિ અને તિતિક્ષા પણ વારસામાં મળેલી.

સરદારને સ્વચ્છતા અને સુઘડપણાની ટેવ પણ માતપિતા તરફથી જ વારસામાં મળેલી. કેવળ અંગત સ્વચ્છતા જ નહીં, પણ આસપાસની વસ્તુઓ, આંગણું, ફળિયું વગેરેનો ખૂણોખાંચરો તમામ સ્વચ્છ રાખવાનો તેમનો આગ્રહ રહેતો.

સરદારે મૅટ્રિક સુધીનો વિદ્યાભ્યાસ કરમસદ, પેટલાદ, નડિયાદ અને વડોદરા એમ જુદા જુદા સ્થળે પૂરો કર્યો હતો. પોતાના વિદ્યાભ્યાસનો કાળ સરદારે કેવો ગરીબાઈમાં અને સાદાઈમાં ગાળ્યો હતો તેનો એક દાખલો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નડિયાદમાં જ્યારે મોસાળમાં તેઓ રહેતા હતા ત્યારે કોઈ વાર કરમસદ તેઓ જતા. તે વખતે તેમનાં દાદીમા તેમને નડિયાદ મૂકવા આવતાં. નડિયાદથી આણંદ રેલવે હતી, પણ કરમસદ જવામાં તેઓ કદી રેલગાડીનો ઉપયોગ નહીં કરતા. ઘેરથી નીકળે ત્યારે ખાવાનું લેવા માટે બે ચાર આના તેમને આપવામાં આવતા, પણ તેઓ ગાડીભાડામાં ન વાપરી નાખે એટલા માટે દાદીમા નડિયાદ સુધી તેમને મૂકી જતાં.

પરંતુ મૅટ્રિક સુધી વલ્લભભાઈ ખૂબ તોફાની હતા. તેમનાં તોફાન, નીડરતા અને હિંમતથી શિક્ષકો પણ અકળાઈ જતા. અન્યાય સામે તેઓ સતત ઝઝૂમતા. પણ વલ્લભભાઈ મૅટ્રિક સુધી જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા પાછળથી બન્યા.

૧૯૧૦માં તેઓ વિલાયતમાં બૅરિસ્ટર થવા ગયા ત્યાં બીજી કશી પ્રવૃત્તિમાં માથું માર્યા વિના એકાગ્રચિત્તે પરીક્ષાની જ તૈયારી તેમણે કરવા માંડી. જ્યાં રહેતા હતા ત્યાંથી 'મિડલ ટેમ્પલ' લાઇબ્રેરી અગિયાર બાર માઈલ દૂર હતી. પોતાની પાસે તો થોડી જ ચોપડીઓ હતી અને નવી ખરીદવી નહોતી. એટલે દરરોજ એટલું ચાલીને ત્યાંની લાઇબ્રેરીમાં જઈને જ વાંચવાનું તેમણે રાખ્યું હતું. દરરોજ સવારે નવ વાગ્યે ત્યાં પહોંચતા અને છેક છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગ્યે ટેમ્પલની લાઇબ્રેરી બંધ થાય, બધા ચાલ્યા જાય અને પટાવાળો આવીને કહે કે, "સાહેબ, હવે બધાય ગયા", ત્યારે ત્યાંથી તેઓ ઊઠતા. બપોરનું ખાણું તથા સાંજનો ચા નાસ્તો વગેરે ત્યાં જ મંગાવીને ખાતા.

આ દિવસોમાં તેમણે રોજ દસથી બાર કલાક વાંચ્યું હશે. સાંજે પાછા ચાલતા જ ઘેર જતા. એટલે રોજ બાવીસ ચોવીસ માઈલ ચાલવાનું થતું અને વ્યાયામ ઠીક મળતો.

તે જમાનામાં વિદ્યાભ્યાસના કાળ દરમ્યાન જ છોકરાનાં લગ્ન થઈ જતાં. સરદારનાં લગ્ન પણ એમની અઢાર વર્ષની ઉંમરે થયેલાં. એમનાં પત્નીનું નામ ઝવેરબા હતું. ૧૯૦૮ની સાલમાં ઝવેરબાને આંતરડાંનો વ્યાધિ થયો. વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈ તે અરસામાં મુંબઈમાં વકીલાત કરતા હતા. એટલે તેમણે ૧૯૦૮ની આખરમાં ઝવેરબાને ઉપચાર માટે મુંબઈ આણ્યાં. ઝવેરબાને ઑપરેશન કરવું પડશે એમ દાક્તરોની સલાહ થઈ. તે માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં. સરદાર તે વખતે ત્યાં ગયેલા. પણ હૉસ્પિટલના દાક્તરે જણાવ્યું કે, બીજી રીતે તબિયત કાંઈક સુધરે એટલે પંદરેક દિવસ પછી ઑપરેશન કરી શકાશે. એટલે બીજે દિવસે આણંદ એક ખૂનનો બહુ અગત્યનો કેસ હતો તે માટે સરદાર આણંદ આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દાક્તરનો વિચાર ફર્યો. તેણે એકદમ ઑપરેશન કરી નાખ્યું. પરંતુ બીજા જ દિવસે સ્થિતિ બગડી અને કોર્ટમાં સરદાર કેસ ચલાવતા હતા ત્યાં તેમને ઝવેરબા ગુજરી ગયાના કારમા સમાચારનો તાર મળ્યો !

સરદારને માટે આ પ્રસંગ અતિશય દુઃખનો અને તેની સાથે ધર્મસંકટનો હતો. ખૂનનો કેસ હતો. આરોપી પ્રતિષ્ઠિત માણસ હતો. મહત્ત્વના સાક્ષીની સરદાર ઊલટતપાસ ચલાવી રહ્યા હતા. તે જ દિવસે કાળજીપૂર્વક એ પૂરી ન થાય તો કેસ કથળે અને આરોપીને જીવનું જોખમ આવી પડે. એટલે આવો દુઃખદ તાર મળ્યા છતાં અતિશય દૃઢતા રાખી કાળજું કઠણ કરી તેમણે કામ પૂરું કર્યું.

સાંજે કોર્ટનું કામ પૂરું થયે તારના સમાચાર બીજાઓને આપ્યા. તે વખતે સરદારની ઉંમર તેત્રીસ વર્ષની હતી. ઝવેરબા પોતાની પાછળ શ્રી મણિબહેન અને શ્રી ડાહ્યાભાઈને નાનાં મૂકી ગયાં હતાં. સરદારને ફરી પરણવાનો આગ્રહ સગાંવહાલાં તથા મિત્રો તરફથી ઘણો થતો; પણ સરદાર ફરી ન જ પરણ્યા.

સરદાર ૧૯૧૩માં બૅરિસ્ટર થઈને હિંદ પાછા આવ્યા પછી અમદાવાદમાં વકીલાત કરવા લાગ્યા. ત્યાં તેઓ ગાંધીજીના સમાગમમાં આવ્યા અને પછી તો એમના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની ગયા. ખેડા સત્યાગ્રહમાં તેમણે પોતાનું હીર બતાવ્યું અને ત્યારથી તેમણે લોકહૃદયમાં હંમેશનું સ્થાન મેળવી લીધું.

ખેડા સત્યાગ્રહ પછી સરદારની જાહેર પ્રવૃત્તિઓ વધતી ગઈ. ૧૯૧૯ના આરંભથી રોલેટ સત્યાગ્રહની નોબતો વાગવા માંડી. ત્યાર બાદ એક પછી એક સત્યાગ્રહની લડત થવા લાગી. એમાં સરદાર ગાંધીજી સાથે હંમેશાં મોખરે જ હોય. આમ સ્વરાજ મળ્યું ત્યાં સુધી સરદારે સાચા સત્યાગ્રહી તરીકે ગાંધીજી સાથે કામ કર્યું. ત્યાર પછી સ્વરાજ મળ્યા બાદ ગૃહપ્રધાન તરીકે આપણી સરકારમાં રહીને દેશીરાજ્યનો પ્રશ્ન વગેરે વિકટ કોયડાઓનો તેમણે નિકાલ આણ્યો.

પરંતુ દિવસે દિવસે તેમની તબિયત ઘસાતી જ જતી હતી. પણ સરદાર તો પોતાનું કાર્ય કર્યે જતા હતા. છેવટે તા. ૧૫ મી ડિસેમ્બર ૧૯૫૦ના રોજ ૭૬ વર્ષની વયે સરદારશ્રી સ્વર્ગવાસી થયા. સરદારશ્રી જતાં દેશને અને ખાસ કરીને ગુજરાતને ભારે ખોટ ગઈ. પરંતુ ઈશ્વરની ઇચ્છા આગળ આપણું શું ચાલે?

આજે ભલે સરદારશ્રી ક્ષરદેહે આપણી વચ્ચે નથી; પરંતુ ગુજરાતના શિરછત્રસમા સરદારશ્રી આપણા હૃદયમાં સદા અમર છે અને અમર રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રીની પ્રતિભા

૧

તિતિક્ષા

સરદાર વલ્લભભાઈ પટેલ વકીલાતનો અભ્યાસ કરતા હતા, ત્યારે તેમના એક મિત્રની સાથે વાંચવા માટે બે મહિના બાકરોલ તેઓ રહ્યા હતા. ત્યાં એમને કાખ-બિલાડી થઈ.

ગામડામાં બીજા ઉપાયો તો શેના જડે? કોઈકે કહ્યું: "ગામમાં વાળંદ છે તે નસ્તર મૂકીને ગમે તેવું ગૂમડું ફોડી નાખવામાં બહુ હોશિયાર છે. તેને બોલાવી જુઓ."

એટલે એ વાળંદને બોલાવવામાં આવ્યો. તેણે નસ્તર મૂકવા માટે સળિયો ધગધગતો કરીને કાખબિલાડીને લગાડ્યો. પણ અંદર એકઠું થયેલું બધું પરુ કાઢી નાખવાની તેની હિંમત ન ચાલી.

આ જોઈને સરદારશ્રીએ કહ્યું: "આમ જોયા શું કરે છે? લાવ, તારાથી ન થાય તો હું કરું." એમ કહીને તેમણે સળિયો હાથમાં લઈ તરત અંદર ખોસી દીધો અને અંદર ચારે બાજુ ફેરવી બધું પરુ કાઢી નાખ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

સહનશક્તિ

વિલાયતમાં સરદારશ્રી બૅરિસ્ટરનો અભ્યાસ કરવા ગયા ત્યારની આ વાત છે. ત્યાં તેઓ એક દિવસ નહાતી વેળાએ ચક્કર ખાઈને પડી ગયા હતા. પછી તો તેમને ખૂબ તાવ ચઢ્યો અને પગમાં વાળાનું દરદ માલૂમ પડ્યું. એટલે તેમને એક નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં ઑપરેશન કરવામાં આવ્યું.

પરંતુ સર્જનને આ દરદની બરાબર ખબર નહીં, એટલે વાળો પૂરેપૂરો બહાર ન નીકળ્યો. એણે બીજી વાર ઑપરેશન કર્યું. તેથી તો દરદ ઊલટું વધ્યું અને ધનુર ધાયું. સ્થિતિ ગંભીર થઈ પડી. પેલા સર્જને કહ્યું : "જીવ બચાવવો હોય તો પગ તરત કાપી નાખવો પડશે."

સરદારશ્રીને આ વાત ન ગમી. હિંદુસ્તાન પાછા આવીને બૅરિસ્ટરી કરવી હતી તે લંગડા પગે કરવાની કાંઈ શોભે? એટલે તેમણે પોતાના ઓળખીતા ડૉક્ટર મિત્રના એક પ્રોફેસરને હાથે ફરી ઑપરેશન કરાવવાનું વિચાર્યું. એ પ્રોફેસરે સૂચવ્યું કે, ક્લોરોફૉર્મ ન લો તો સારા થવાનો વધારે સંભવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને સરદારશ્રી બોલ્યા: "મારે તો ક્લોરોફોર્મ લેવાની જરૂર જ નથી. ગમે તેટલી પીડા કે દુઃખ થાય તે હું સહન કરી શકું એમ છું."

અને ખૂબી એ થઈ કે, ઑપરેશન પૂરું થયું ત્યાં સુધી એક ઊંહકારો સરખો તેમણે ન કાઢ્યો!

સર્જન અને તેના મદદનીશો આ જોઈ તાજુબ થયા અને બોલ્યા: "આવો દરદી અમને પહેલી જ વાર મળ્યો છે!"

૩

સત્યાગ્રહનો પહેલો પાઠ

નડિયાદની હાઈસ્કૂલમાં સરદારશ્રી ભણતા હતા ત્યારનો આ પ્રસંગ છે. છઠ્ઠા ધોરણમાં એક શિક્ષક બહુ કડક હતા. નેતરની સોટીનો તે છૂટથી ઉપયોગ કરતા. એક દિવસ એ શિક્ષકે એક છોકરાને દંડ કર્યો અને એ દંડ ન લાવ્યો, એટલે એને વર્ગ બહાર કાઢ્યો.

વલ્લભભાઈને થયું કે, આનો કાંઈ ઈલાજ કરવો જ જોઈએ. તેથી તેમણે પોતાનો વર્ગ તો તરત ખાલી કરાવ્યો જ, પણ બપોરની રજામાં આખી શાળાના છોકરાઓને એકઠા કરી હડતાલ પડાવી. કોઈ પણ વિદ્યાર્થી શાળામાં ન જાય, એટલા માટે તેમણે બરોબર ચોકી ગોઠવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓને બેસવા માટે તેમણે એક ધર્મશાળામાં ગોઠવણ કરી; ત્યાં પીવાના પાણી વગેરેની પણ વ્યવસ્થા રાખી.

હડતાલ ત્રણ દિવસ ચાલી. શાળાના હેડમાસ્તરે મામલાની ગંભીરતા જાણી અને સરદારશ્રીને બોલાવીને સમજાવ્યા તથા કોઈ પણ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારેપડતી સજા ભવિષ્યમાં નહીં થાય એની બાંહેધરી આપી. એટલે સરદારશ્રીએ સમાધાન કરી હડતાલ પાછી ખેંચી લીધી.

૪

શિક્ષકનો બહિષ્કાર!

એક શિક્ષક પોતાના વર્ગમાં વપરાતી ચોપડીઓનો તથા વિદ્યાર્થીઓએ વાપરવાનાં કાગળ, પેન્સિલ, નોટબુક વગેરે વસ્તુઓનો વેપાર કરતો. વળી વર્ગનો દરેક વિદ્યાર્થી આ બધી વસ્તુ પોતાની પાસેથી જ ખરીદે, એવી તે વિદ્યાર્થીઓને ફરજ પણ પાડતો.

એ શાળામાં ભણતા વલ્લભભાઈને કાને આ વાત આવી. એટલે તેમણે વિદ્યાર્થીઓ પાસે એ શિક્ષકનો એવો બહિષ્કાર કરાવ્યો કે આખરે પેલા શિક્ષકને પોતાનો વેપાર છોડી દઈને નમતું આપવું પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

નીડરતા

સરદારશ્રી વડોદરા હાઈસ્કૂલમાં મૅટ્રિકમાં હતા ત્યારનો આ પ્રસંગ છે. સંસ્કૃતમાં બહુ રસ નહીં પડવાથી તેમણે મૅટ્રિકમાં સંસ્કૃત છોડી ગુજરાતી લીધું હતું. ગુજરાતીના શિક્ષક આમ તો ગુજરાતી શીખવતા હતા. પણ દેવભાષા ગણાતી સંસ્કૃતને છોડીને ગુજરાતી શીખવા આવનાર તરફ તેમને સહેજ અણગમો રહેતો. તેથી સરદાર જ્યારે ગુજરાતીના વર્ગમાં દાખલ થયા કે તરત એ શિક્ષકે ટકોર કરતાં કહ્યું: "આવો મહાપુરુષ! ક્યાંથી આવ્યા? સંસ્કૃત છોડી ગુજરાતી લો છો, પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહીં, એ ખબર છે કે?"

એટલે વિદ્યાર્થી વલ્લભભાઈ કહે: "પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત, તો પછી તમે શીખવત કોને?"

આથી શિક્ષક ખિજાયા અને હુકમ કરતા બોલ્યા: "મહાપુરુષ! જાઓ, એક એકાથી દસ એકા સુધીના પાડા લખી લાવજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ થયો, બે દિવસ થયા; 'મહાપુરુષ' શેના લખી લાવે? માસ્તર સાહેબ રોજ ચિડાતા જાય અને રોજ સજા વધારતા જાય. "જાઓ, કાલે બે વાર લખી લાવજો," "કાલે ચાર વાર," "કાલે આઠ વાર," એમ વધતાં વધતાં બસો પાડા લખવાનો હુકમ થયો. પણ 'મહાપુરુષ' ઉપર એની કશી અસર ન થઈ. શિક્ષક શિક્ષા વધારતા ગયા અને શિષ્ય એ શિક્ષા મૂંગે મોઢે સાંભળતા ગયા.

પછી તો છેવટે કંટાળીને શિક્ષકે પૂછ્યું: "કેમ, લખી લાવવા છે કે નહીં? કે બીજી શિક્ષાનો વિચાર કરું?"

શિષ્યે જવાબ આપ્યો: "બસો પાડા તો લાવ્યો હતો, પણ તેમાંથી એક મારકણો નીકળ્યો; તેનાથી ભડકીને બધા દરવાજા આગળથી નાસી ગયા. એટલે એક પાડો ન રહ્યો!"

વિદ્યાર્થીનો આવો જવાબ સાંભળીને શિક્ષકે જરા ધમકાવીને તાકીદ આપી.

બીજા દિવસે પાછું પૂછ્યું, ત્યારે જરાયે ગભરાયા વિના વિદ્યાર્થી વલ્લભભાઈએ વિનોદ આગળ ચલાવ્યો: "હા સાહેબ, લખી લાવ્યો છું." એમ કહીને એક કાગળ બતાવ્યો. તેમાં લખ્યું હતું: 'બસેં પાડા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકને થયું કે, આવા વિદ્યાર્થીને તો મુખ્ય શિક્ષક જ બરોબર ઠેકાણે લાવશે. એટલે તેમણે વલ્લભભાઈને મુખ્ય શિક્ષક પાસે મોકલ્યા.

વલ્લભભાઈએ હિમતપૂર્વક મુખ્ય શિક્ષકને કહ્યું: "આવી તે સજા હોતી હશે? કાંઈ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય તો મને ફાયદો પણ થાય. પહેલી ચોપડીના એકાના પાડાથી તો કોઈને ફાયદો ન થાય; ઊલટા એ લખતો જોઈને મને સૌ મૂરખ કહે!"

૬

સરદારશ્રીની માતૃવૃત્તિ

સરદારશ્રી વકીલાતનો અભ્યાસ કરતા હતા, ત્યારે મોટે ભાગે તેઓ એમના મિત્ર કાશીભાઈને ત્યાં નડિયાદમાં રહેતા હતા.

કાશીભાઈના પિતાના મિત્ર ડુંગરભાઈ નામે હતા. તે નડિયાદના જાણીતા વકીલ હતા. કાશીભાઈના પિતા ગુજરી ગયા, ત્યારે આ ડુંગરભાઈએ કાશીભાઈના કુટુંબની સઘળી સારસંભાળ રાખી હતી.

જે વખતે સરદાર કાશીભાઈને ઘેર રહેતા હતા, તે વખતે ડુંગરભાઈનાં પત્ની છએક મહિનાનો એકનો એક છોકરો મૂકીને ગુજરી ગયાં. એટલે કાશીભાઈનાં માતુશ્રી એને ઉછેરવા માટે પોતાને ઘેર લઈ આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશીભાઈ અને સરદાર ખડકીની મેડી ઉપર વાંચતા તથા સૂવા બેસવાનું રાખતા. એમણે બંનેએ છોકરાને માની જેમ ઉછેરી મોટો કર્યો.

સરદાર તો છોકરાને પોતાને પડખે જ સુવાડતા અને રાતે ઊઠીને એને બે ત્રણ વાર દૂધ પાતા. રાતે છોકરો ઝાડો પેશાબ કરે, તો સરદાર એનાં બાળોતિયાં બદલાવતા અને બધું સાફસૂફ કરીને પાછા પોતાની પાસે સુવાડતા.

એ છોકરો ત્રણેક વર્ષનો થયો ત્યાં સુધી તેને ઉછેરીને મોટો કરવામાં, સરદારશ્રીએ ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

૭

પહેરામણી સામે ટકોર

સરદારશ્રી સમજણા થયા ત્યારથી જ પાટીદાર ન્યાતના પહેરામણી વગેરે રિવાજો પ્રત્યે એમને તિરસ્કાર હતો.

કોઈની પહેરામણી લીધાની વાત સરદારશ્રીને કાને આવે કે તેઓ તરત જ પૂછતા : "આખલાના પાંચ હજાર ઊપજ્યા કે સાત હજાર ?"

એક વાર પોતાના સગામાં જ એક છોકરાની સગાઈ કરતી વખતે પહેરામણીની રકમ ઠરાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટાઘાટો ચાલતી હતી, ત્યારે સરદારશ્રીએ કહ્યું : "આ બધી ભાંજગડ છોડીને એ છોકરાને શુક્રવારીમાં જ મૂકો ને!"

૮

પ્લેગ સામે બાથ

સરદારશ્રી જ્યારે ગોધરા વકીલાત કરતા હતા, ત્યારે ત્યાં ખૂબ પ્લેગ ચાલ્યો. તેમાં કોર્ટના નાજર જે તેમના સ્નેહી હતા તેમનો દીકરો સપડાયો.

સરદારશ્રી તેની સારવારમાં પડ્યા; પણ દરદી બચ્યો નહીં. દરદીને સ્મશાન મૂકી આવીને સરદારશ્રી પોતે જ પ્લેગમાં પટકાયા. મોટી ગાંઠ નીકળી.

પણ સરદારશ્રી એથી કાંઈ ઓછા ગભરાઈ જાય? તેઓ પત્નીની સાથે ગાડીમાં બેઠા. આણંદ આવીને પત્નીને કહે : "તમે જાઓ કરમસદ. હું નડિયાદ જાઉં છું. ત્યાં સાજો થઈ જઈશ."

પ્લેગમાં સપડાયેલા પતિને છોડીને જવાની કઈ પત્નીની હિંમત ચાલે? પણ પત્નીને જવાનો આગ્રહ કરવાની અને મોકલી દેવાની સરદારશ્રીની હિંમત ચાલી. પછી નડિયાદમાં રહીને પોતે સાજા થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

બચાવ પક્ષના વકીલ

સરદારશ્રી બોરસદમાં વકીલાત કરતા હતા ત્યારનો આ પ્રસંગ છે. તે વેળાએ આખા મુંબઈ ઇલાકામાં સૌથી વધારે ફોજદારી ગુના ખેડા જિલ્લામાં થતા હતા. અને તેમાંય સૌથી વધારે તેના બોરસદ તાલુકામાં થતા હતા. તેથી સરકારે એ જિલ્લામાં ખાસ કોર્ટ સ્થાપી. આ કોર્ટમાં અગત્યના કેસો ચલાવવા સિવાય બીજું કંઈ કામ કરવાનું ન હતું. વળી અગત્યના કેસો ચલાવવા માટે અમદાવાદના સરકારી વકીલને સરકાર તરફથી રોકવામાં આવતા હતા. બચાવ પક્ષે લગભગ દરેક કેસમાં સરદારશ્રીને રોકવામાં આવતા હતા.

પરિણામે બધા કેસોમાં આરોપીઓ છૂટી જવા માંડ્યા; એટલે પેલા સરકારી વકીલ અને પોલીસ અમલદારો મૂંઝાયા. સરકારે પણ એમનો ખુલાસો માગ્યો.

તેથી એ લોકોએ રિપોર્ટ કર્યો કે, 'જ્યાં સુધી વલ્લભભાઈ વકીલ છે, ત્યાં સુધી અહીં કેસો છૂટી જવાનો પૂરેપૂરો સંભવ છે. માટે આ કોર્ટ અહીંથી ખસેડી આણંદ લઈ જવી જોઈએ. આણંદ મધ્ય સ્થળ હોવાથી આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિલ્લાના કેસ ત્યાં ચલાવવામાં સાક્ષીઓને પણ જવા આવવાની અનુકૂળતા થશે.'

આ ઉપરથી કોર્ટ આણંદ ખસેડવામાં આવી. સરદારશ્રી પણ પોતાનો મુકામ બોરસદથી ઉપાડી આણંદ લઈ ગયા.

પરિણામ એ આવ્યું કે, જિલ્લાના ઘણા કેસ છૂટી જવા લાગ્યા. આખરે એક વર્ષમાં થાકીને કોર્ટ પાછી બોરસદ લઈ જવામાં આવી!

૧૦

ભ્રાતૃભાવ

સરદારશ્રીએ વકીલાત કરતાં કરતાં વિલાયત જવા માટે તૈયારી કરવા માંડી હતી. વિલાયત જઈ બૅરિસ્ટર થવાની તેમની ઇચ્છા હતી. છેવટે પૈસાની જોગવાઈ થઈ, એટલે વિલાયત જવા માટે સ્ટીમર વગેરેની ગોઠવણ કરવા માંડી.

બધું નક્કી થયાનો છેલ્લો જ જવાબ આવ્યો તે 'વી. જે. પટેલ'ને નામે હતો. હવે વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈનું પણ અંગ્રેજીમાં ટૂંકું નામ 'વી. જે. પટેલ' જ થાય. એટલે 'વી. જે. પટેલ' એ નામનો વલ્લભભાઈનો પત્ર અકસ્માત્ વિઠ્ઠલભાઈના હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો. અને વિઠ્ઠલભાઈએ એ પોતાના ઉપરનો પત્ર સમજીને ફોડીને વાંચ્યો.

પત્ર વાંચ્યા પછી વિઠ્ઠલભાઈએ વલ્લભભાઈને કહ્યું : "હું તમારાથી મોટો છું, માટે મને વિલાયત જવા દો. મારા આવ્યા પછી તમને જવાની તક મળશે. પણ તમારા આવ્યા પછી મારાથી નહીં જવાય."

વિઠ્ઠલભાઈની વાત સરદારશ્રીએ તરત જ માન્ય કરી, એટલું જ નહીં પણ એમનું વિલાયતનું ખર્ચ મોકલવાનું પણ માથે લીધું.

૧૧

ધીરજની કસોટી

શ્રી. વિઠ્ઠલભાઈ વિલાયત જવા તૈયાર થયા, ત્યારે બંને ભાઈઓએ એ વાત ઘરમાં કોઈને કરી નહોતી.

વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ અમુક કામનું બહાનું કાઢીને મુંબઈ ગયા અને ત્યાંથી વિઠ્ઠલભાઈ વિલાયત ઊપડી ગયા.

વિઠ્ઠલભાઈને મૂકીને સરદારશ્રી પાછા બોરસદ આવ્યા, ત્યારે બધાંને એ વાતની ખબર પડી. એટલે વિઠ્ઠલભાઈનાં પત્નીએ તો ખૂબ કંકાસ માંડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ સરદારશ્રીએ એ તરફ ધ્યાન ન આપ્યું. અત્યાર સુધી બોરસદમાં બંને ભાઈઓ જુદા રહેતા હતા. પણ વિઠ્ઠલભાઈ વિલાયત ગયા, એટલે સરદારે ભાભીને પોતાને ત્યાં રહેવા બોલાવ્યાં. ભાભીનાં ભાઈભાભી વિઠ્ઠલભાઈને ત્યાં રહેતાં હતાં એમને પણ સરદારશ્રીએ પોતાને ઘેર રાખ્યાં.

વિઠ્ઠલભાઈનાં પત્નીએ તો માનતાઓ માનવા માંડી, બાધાઆખડીઓ કરવા માંડી અને બ્રાહ્મણો જમાડવા માંડ્યા; તેમ જ એવું એવું ખોટું ખર્ચ કરવા માંડ્યું. સરદારશ્રીએ એ બધું જરા પણ કચવાયા વિના શાંતિથી સહન કર્યું.

પરંતુ દેરાણી જેઠાણીને રોજ ઝઘડા થવા માંડ્યા અને ઘરમાં જબરો ક્લેશ પેઠો. ભાઈ પરદેશ ગયેલા હોઈ સરદારશ્રીએ ભાભીને કશું ન કહેતાં પોતાનાં પત્ની ઝવેરબાને પિયર મોકલી દીધાં અને વિઠ્ઠલભાઈ પાછા આવ્યા ત્યાં સુધી, એટલે બેએક વરસ તેઓ પિયર જ રહ્યાં.

આમ, સરદારશ્રીને માથે ઘરનું ખર્ચ વધ્યું, દર મહિને વિલાયત રકમ મોકલવાનું ખર્ચ વધ્યું, અને ઝવેરબાને પિયર રાખવા પડ્યાં તે તો વધારામાં. પણ સરદારશ્રીએ એ વિષે કોઈની આગળ વરાળ સરખી કાઢી નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ધર્મપત્નીનું અવસાન !

શ્રી. વિઠ્ઠલભાઈએ વિલાયતથી આવીને મુંબઈમાં વકીલાત શરૂ કરી. એવામાં ઝવેરબા માંદાં પડ્યાં. તેમને આંતરડાંનો વ્યાધિ હતો. એટલે વિઠ્ઠલભાઈ ૧૯૦૮ની આખરમાં તેમને ઉપચાર કરવા મુંબઈ લઈ ગયા.

ઝવેરબાને ઑપરેશન કરવાની જરૂર જણાતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં. તે વખતે સરદારશ્રી ત્યાં ગયેલા. પણ હૉસ્પિટલના દાક્તરે જણાવ્યું કે, બીજી રીતે તબિયત કાંઈક સુધરે, એટલે પંદરેક દિવસ પછી ઑપરેશન કરી શકાશે.

તે વખતે સરદારશ્રીના હાથમાં એક ખૂનનો અગત્યનો કેસ હતો. એટલે તેમણે કહ્યું કે, ઑપરેશન કરવાનું નક્કી થાય ત્યારે મને બોલાવજો. એમ કહીને તેઓ આણંદ ગયા.

પરંતુ એ અરસામાં દાક્તરનો વિચાર ફર્યો અને એકદમ ઑપરેશન કરવાની તેમને જરૂર જણાઈ. એટલે દાક્તરે સરદારશ્રીને ખબર આપ્યા વિના વહેલું ઑપરેશન કરી નાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑપરેશન થઈ ગયા પછી સરદારશ્રીને તાર મળ્યો કે, 'ઑપરેશન સફળ થયું છે.'

પણ બીજે જ દિવસે ઝવેરબાની સ્થિતિ બગડી અને સરદારશ્રી કોર્ટમાં કેસ ચલાવતા હતા ત્યાં ઝવેરબા ગુજરી ગયાના કારમા સમાચારનો તાર આવ્યો!

સરદારશ્રીને માટે આ પ્રસંગ અતિશય દુઃખનો અને તેની સાથે ધર્મસંકટનો હતો. ખૂનનો કેસ હતો. આરોપી પ્રતિષ્ઠિત માણસ હતો. મહત્ત્વના સાક્ષીની સરદાર ઊલટતપાસ ચલાવી રહ્યા હતા. તે જ દિવસે કાળજીપૂર્વક એ પૂરી ન થાય, તો કેસ કથળે અને આરોપીને જીવનું જોખમ આવી પડે. કારણ ફાંસીની સજા થવાનો સંભવ હતો.

એટલે સરદારશ્રીએ આવો દુઃખદ તાર મળ્યા છતાં અતિશય દૃઢતા રાખી, કાળજું કઠણ કરી કામ પૂરું કર્યું.

સાંજે કોર્ટનું કામ પૂરું થયું, એટલે સરદારશ્રીએ તારના સમાચાર બીજાઓને આપ્યા.

છેલ્લી ઘડીએ પત્નીની મુલાકાત ન થઈ શકી તેનો ભારે આઘાત સરદારશ્રીના દિલમાં રહી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

સરદારશ્રીની પત્નીનિષ્ઠા

ઝવેરબા ગુજરી ગયાં, તે વખતે સરદારશ્રીની ઉંમર તેત્રીસ વર્ષની જ હતી. તેથી સગાંવહાલાં તથા મિત્રો તરફથી સરદારશ્રીને ફરી પરણવાનો આગ્રહ ઘણો થયો. પણ ફરી નહીં પરણવાના વિચારમાં તેઓ ખૂબ દૃઢ રહ્યા હતા.

વિલાયત ગયા ત્યાં પણ મિત્રો સારી સારી કન્યાઓનાં નામ સાથે કાગળો લખતા અને તેમના તરફથી એક બે કન્યાઓના ફોટા પણ સરદારશ્રીને મોકલવામાં આવેલા. પરંતુ સરદારશ્રી જવાબમાં બીજી બધી વાતો લખે, પણ આ વાતનો જવાબ જ ખાઈ જતા!

૧૪

વકીલાતનો રંગ

સરદારશ્રીના વકીલાતના પ્રસંગો અવનવા અનુભવોથી ભરપૂર છે. અહીં એકાદ જોઈએ.

એક અંગ્રેજ મૅજિસ્ટ્રેટની તુમાખીનો પાર ન હતો. અમદાવાદના મોટા મોટા વકીલોનું પણ તે અપમાન કરતો. તેની પાસે જતાં સૌ ડરતા. એક ખૂનનો કેસ એની પાસે ચલાવવાનું સરદારશ્રી પાસે આવેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષીઓને શરમાવવા અને દબાવવા ખાતર એ મૅજિસ્ટ્રેટ દરેક સાક્ષીની સામે મોટો અરીસો મુકાવતો.

સરદારશ્રીની પાસે જે કેસ આવ્યો હતો એમાં એક પટેલ આરોપી હતો. તેની સામે પણ મૅજિસ્ટ્રેટે અરીસો મુકાવ્યો. અને અરીસામાં જોતાં જોતાં જુબાની આપવા હુકમ કર્યો.

સરદારશ્રીએ તુરત જ મૅજિસ્ટ્રેટને કહ્યું: "આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે એ વાતની નોંધ કરો."

મૅજિસ્ટ્રેટે કહ્યું: "એવી નોંધ કરવાની કશી જરૂર નથી."

સરદાર બોલ્યા: "એ અરીસો તો પુરાવામાં રજૂ થયેલો ગણાશે અને કેસના કાગળો સાથે સેશન્સ કોર્ટમાં પહોંચશે."

એ સાંભળીને પેલો મૅજિસ્ટ્રેટ કાંઈક ગભરાયો. કારણ આવી રીતે પડકારનાર કોઈ માથાનો વકીલ એને મળ્યો નહોતો. તોપણ એણે સરદારની વાત માની નહીં અને સામસામે ગરમાગરમ બોલાચાલી થઈ.

છેવટે, 'મારે આ કેસ તમારી પાસે ચલાવવો નથી,' એમ કહીને સરદારે આ કેસ બીજી કોર્ટમાં ચલાવવો જોઈએ એવી અરજી આપવા માંડી. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો મોળો પડ્યો અને સરદારને બચાવના સાક્ષીઓ લાવવા કહ્યું.

સરદારે કહ્યું : "એકે સાક્ષી હું અહીં રજૂ કરવા માગતો નથી. પણ આ બંધ પાકીટમાં હું સાક્ષીઓનાં નામ લખું છું તે સાક્ષીઓ હું સેશન્સ કોર્ટમાં રજૂ કરીશ." પછી એ પાકીટ સેશન્સ કોર્ટમાં જ ફોડવામાં આવે એવી એના પર નોંધ કરીને કોર્ટને આપ્યું.

મૅજિસ્ટ્રેટ હવે વધારે ગભરાયો. તેણે પાકીટ ફોડ્યું, તો એમાં સાક્ષી તરીકે પહેલું નામ એ મૅજિસ્ટ્રેટનું જ હતું! જે સ્ત્રીનું ખૂન થયાનો આરોપ હતો તે જ સ્ત્રીને સાક્ષી તરીકે ટાંકી હતી! અને બીજી કેટલીક ચીજો પણ પેલા મૅજિસ્ટ્રેટને ગભરાટમાં અને વિમાસણમાં નાખે એવી હતી.

આ બધું જોઈ મૅજિસ્ટ્રેટ પાણીથીયે પાતળો થઈ ગયો. પોલીસના ઘણા સાક્ષીઓ ઉપર ઇતબાર કરવાની તેણે ના પાડી અને એ કેસ સેશન્સ કોર્ટમાં મોકલવાની રજા આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

વિલાયતમાં વિદ્યાભ્યાસ

સરદારશ્રી પુખ્ત ઉંમરે અને જીવનનો અનુભવ લઈને વિલાયત ગયેલા હોવાને કારણે, આપણા કેટલાક જુવાનોની વિલાયતમાં જે દશા થાય છે તેવી થવાનો તેમને ભય નહોતો.

જ્યારે દેશમાં સરદારશ્રી હાઈસ્કૂલમાં ભણતા હતા, ત્યારે તેઓ જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા વિલાયતમાં તેઓ બન્યા. એમને તો બૅરિસ્ટર થઈને બને તેટલા વહેલા પાછા આવવું હતું. મા વિનાનાં બે નાનાં છોકરાંઓને દેશમાં મૂકીને તેઓ ગયા હતા. એટલે વિલાયતમાં બીજી કશી પ્રવૃત્તિમાં માથું માર્યા વિના એકાગ્ર ચિત્તે પરીક્ષાની જ તૈયારી તેમણે કરવા માંડી.

સરદારશ્રી જ્યાં રહેતા હતા ત્યાંથી લાઇબ્રેરી અગિયાર બાર માઈલ દૂર હતી. પોતાની પાસે તો અભ્યાસને લગતી થોડી જ ચોપડીઓ હતી અને ત્યાં નવી ખરીદવી નહોતી. એટલે દરરોજ એટલું ચાલીને ત્યાંની લાઇબ્રેરીમાં જઈને જ વાંચવાનું રાખ્યું. દરરોજ સવારે નવ વાગ્યે ત્યાં પહોંચતા અને છેક છ વાગ્યે લાઇબ્રેરી બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, બધા ચાલ્યા જાય અને પટાવાળો આવીને કહે કે, "સાહેબ, હવે બધા ગયા", ત્યારે સરદારશ્રી ત્યાંથી ઊઠતા.

બપોરનું ખાણું તથા સાંજનો ચા નાસ્તો વગેરે ત્યાં જ મંગાવીને સરદારશ્રી ખાતા. આ દિવસોમાં તેમણે રોજ દસથી બાર કલાક વાંચ્યું હશે. સાંજે પાછા ચાલતા જ ઘેર જતા. એટલે રોજ બાવીસ ચોવીસ માઈલ ચાલવાનું થતું અને ઠીક વ્યાયામ મળતો.

૧૬

વત્સલ પિતા

સરદારશ્રી વિલાયત અભ્યાસ કરવા તો ગયા. પરંતુ એમનો જીવ મા વિહોણાં બે બાળકોમાં જ હતો.

સાધારણ રીતે ત્રણ વર્ષે બૅરિસ્ટર થવાય. પણ જો કોઈ વિદ્યાર્થી છ સત્ર પૂરેપૂરાં ભરે તો દોઢ વરસ પછી એને પરીક્ષા આપવી હોય તો આપી શકે. આ પૂરી પરીક્ષામાં જે ઑનર્સમાં પાસ થાય તેને બે સત્રની માફી મળે. સરદારને તો જેમ બને તેમ વહેલા દેશમાં જવું હતું. એટલે તેમણે છ સત્ર પૂરેપૂરાં ભરીને આખી પરીક્ષામાં બેસીને તેઓ પહેલા વર્ગ ઑનર્સમાં પહેલે નંબરે પાસ થયા અને તેમને પચાસ પાઉંડનું ઇનામ મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ, આખી પરીક્ષા ખૂબ માનભેર પસાર કરી અને છ મહિનાની માફી મેળવી. પણ હજી બે સત્ર બાકી હતાં. તે દરમિયાન ભોજન લેવા ઉપરાંત કશું જ કામ કરવાનું સરદારને બાકી રહ્યું નહોતું. સરદારને તો દેશમાં પાછા આવવાની ચટપટી લાગી હતી. એટલે તેમણે અરજી કરી. પોતાને વાળાનું દરદ થયું હતું અને માંદગી પણ ભોગવવી પડી હતી, એ હકીકત જણાવીને તેમણે લખ્યું કે, ઈંગ્લેંડનો શિયાળો તેમને માફક આવતો નથી. વળી ઈંગ્લેંડમાં રહેવાનું ખર્ચ નાહક વેઠવું પોતાને ભારે પડે છે એમ પણ જણાવ્યું. પણ એમની અરજી પાસ ન થઈ! એટલે તેમને ત્યાં રહેવું પડ્યું.

પછી જ્યારે પદવીદાન સમારંભ પૂરો થયો, ત્યારે તેઓ પહેલા નંબરે માનભેર પાસ થયેલા હોવાથી એમને જમવાનાં આમંત્રણ મળવા લાગ્યાં. પરંતુ બીજે જ દિવસે ત્યાંથી ઊપડી જવા માટે સ્ટીમરની ટિકિટ વગેરે લઈ રાખી છે એમ જણાવીને, સરદારશ્રી જમવાના આમંત્રણનો અસ્વીકાર કરવા લાગ્યા. આવી ઉતાવળ કરવાનું કારણ કોઈ પૂછે તો કારણમાં માવિહોણાં બે નાનાં છોકરાંને અઢી વર્ષ થયાં ઘેર મૂકીને આવ્યો છું એમ તેઓ કહેતા. પછી પોતાની ગોઠવણ મુજબ બીજે જ દિવસે ઈંગ્લેંડનો કિનારો તેમણે છોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

ગુમાન ઉતાર્યું

અમદાવાદમાં સરદારશ્રી બૅરિસ્ટરી કરતા હતા, ત્યારે કોર્ટના કામ પછી ગુજરાત ક્લબમાં જતા અને ત્યાં બ્રિજ નામની પાનાંની એક રમત રમતા. બૅરિસ્ટર શ્રી. ચિમનલાલ ઠાકોર સાથે એમને બહુ દોસ્તી થઈ ગઈ હતી અને બ્રિજમાં ઘણુંખરું એ બે ભેરુ થતા.

શ્રી. વાડિયા નામના એક બૅરિસ્ટર પોતે બ્રિજ રમવામાં એક્કા છે એવો ફાંકો રાખતા હતા. એવો જ ફાંકો રાખનાર એક શ્રી. બ્રોકર નામના વકીલ હતા. એ બે જણે સરદાર અને એમના ભેરુને હરાવવાનો વિચાર કરી શરત બકીને બ્રિજ રમવાનું તેમને કહેણ આપ્યું.

સરદાર એ લોકોનું ગુમાન તરત પારખી ગયા. એટલે તેમણે કહ્યું : "આનો બે આનાની શરત બકી આપણે રમવું નથી. રમવું હોય તો પાંચ પાઉંડના સો પૉઈન્ટ એવી શરત બકીએ."

વાડિયા બૅરિસ્ટર અને બ્રોકર વકીલને તો ભારે ખુમારી હતી કે, આપણે જ જીતવાના છીએ. એટલે એ લોકો કબૂલ થયા. પણ પહેલે જ દિવસે પંદર કે વીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઉંડ હાર્યા ! તોયે બીજે દિવસે રમ્યા અને બીજે દિવસે પચીસ કે ત્રીસ પાઉંડ હાર્યા !

ક્લબમાં તો હાહાકાર થઈ ગયો. કેટલાક વકીલો તો આવી મોટી શરત બકીને રમવાની ક્લબમાં બંધી કરવી જોઈએ એવો વિચાર પણ કરવા લાગ્યા. પરંતુ વલ્લભભાઈ તો પોતાની ટેવ મુજબ બધો તમાશો છાનામાના જોઈને પેલા લોકોને બરોબર પાઠ ભણાવી રહ્યા હતા.

ત્રીસે દિવસે વાડિયાનાં પત્નીને ખબર પડી, એટલે એ તો લગભગ ચાર વાગ્યાનાં ગાડી લઈને ક્લબને દરવાજે આવીને ઊભાં. કોર્ટમાંથી વાડિયા ક્લબમાં જવા જતા હતા તેવાં જ તે કહે : "ચાલો ઘેર; ક્લબમાં નથી જવું."

એમ આઠ દસ દિવસ સુધી કર્યું અને પછી સરદારને મળીને વાડિયાનાં પત્નીએ વિનંતી કરી કે, કૃપા કરીને મારા ધણીને આવા છંદે ન ચડાવશો !

સરદાર આવી શરતો બકીને રમવાનું પસંદ નહોતા જ કરતા; પણ પેલા ભાઈઓનું ગુમાન ઉતારવાની ખાતર જ શરત ઉપર રમવા તૈયાર થયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

કામની પ્રેમભરી વહેંચણી

સરદારશ્રી વિલાયતથી પાછા દેશમાં આવ્યા, તે વેળાએ શ્રી. વિઠ્ઠલભાઈ જાહેર જીવનમાં પડી ચૂક્યા હતા. તેઓ મુંબઈની ધારાસભાના સભ્ય પણ થયા હતા.

વકીલાતનું કામ અને લોકસેવાનું કામ એકીસાથે ન થઈ શકે; એટલે વિઠ્ઠલભાઈએ લોકસેવાના કામમાં પોતાનો બધો વખત આપવો અને સરદારે બૅરિસ્ટરી કરી વિઠ્ઠલભાઈનું ખર્ચ પણ ઉપાડી લેવું, એમ બંને ભાઈઓએ નક્કી કર્યું હતું.

આ અંગે સરદારશ્રીએ કહ્યું હતું: "સ્વતંત્રતા જોઈતી હોય તો આ દેશમાં સંન્યાસી જોઈએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરવી જોઈએ. માટે અમે બંનેએ નિશ્ચય કર્યો કે, બેમાંથી એક દેશસેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી. ત્યારથી મારા ભાઈએ પોતાનો ધીકતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. આથી પુણ્યકામ તેમને નસીબે આવી પડ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું. પણ તેમના પુણ્યમાં મારો હિસ્સો છે એમ સમજી મન વાળતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

પ્રમાણપત્ર

ખેડા સત્યાગ્રહની વેળાએ સરદારશ્રીએ પોતાની અદ્ભુત શક્તિનો સારો પરિચય કરાવ્યો હતો. તેમને લીધે સત્યાગ્રહમાં અજબ જોમ પ્રગટયું હતું. એ સત્યાગ્રહની જ્યારે પૂર્ણાહુતિ થઈ તે વેળાએ ગાંધીજીએ સભામાં કહ્યું હતું :—

"સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે. ઘણા માણસો મારી સલાહ માનવાને તૈયાર હતા. પણ મને વિચાર થયો કે, ઉપ-સેનાપતિ કોણ થશે? ત્યાં મારી નજર ભાઈ વલ્લભભાઈ પર પડી. મારે કબૂલ કરવું જોઈએ કે, મેં વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને એમ થયેલું કે, આ અક્કડ પુરુષ તે કોણ હશે? એ શું કામ કરશે? પણ જેમ જેમ હું એમના વધારે પ્રસંગમાં આવ્યો, તેમ તેમ મને લાગ્યું કે, મારે વલ્લભભાઈ તો જોઈએ જ. વલ્લભભાઈએ પણ માન્યું કે, 'જબરી વકીલાત ચાલે છે, મ્યુનિસિ-પાલિટીમાં ભારે કામ કરું છું, તેથી પણ ભારે કામ આ છે. ધંધો તો આજ છે ને કાલે ન હોય. પૈસા કાલે ઊડી જાય. વારસો તેને ઉડાવી દે. માટે પૈસા કરતાં ઊંચો વારસો એમને માટે હું મૂકી જાઉં.' આવા વિચારોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે ઝંપલાવ્યું. વલ્લભભાઈ મને ન મળ્યા હોત, તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે."

૨૦

ખાદીધારી વલ્લભભાઈ

સરદારશ્રીએ ૧૯૨૧ના ઉનાળાથી ખાદી પહેરવા માંડી. તે અરસામાં જ ધણું કરીને ઉમેરેઠની એક સભામાં ગાંધીજીની પરદેશી કાપડ બાળવાની અપીલને પરિણામે હોળી થઈ તેમાં સરદારે પોતાના માથા ઉપર વિદેશી ટોપી હતી તે એમાં નાખી અને સભામાંથી ઘણાની ટોપીઓ બળાવી. એમનાં બીજાં કપડાં સ્વદેશી એટલે આપણા દેશની મિલનાં હતાં. પણ તે કાઢી નાખી તેઓ ખાદી ધારણ કરવાનો વિચાર કરી રહ્યા હતા.

એટલામાં ગોધરામાં જિલ્લા કે તાલુકા પરિષદ હતી ત્યાં ગાંધીજીની સાથે જવાનું થયું. બધા સવારની ગાડીએ અમદાવાદથી ત્યાં જવા નીકળવાના હતા. આગલી સાંજે સરદાર આશ્રમમાં ગયા હતા. ત્યાં શ્રી નરહરિભાઈને તેમણે કહ્યું : "તારાં કપડાંમાં બે ધોતિયાં અને બે પહેરણ વધારે લેતો આવજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોધરા પહોંચીને નાહ્યા પછી સરદારે ખાદીનાં ધોતિયું પહેરણ પહેર્યાં અને મિલનાં કપડાંને કાયમની તિલાંજલિ આપી.

૨૧

સરદારશ્રીનો વિનોદ

કચ્છના કેટલાક ભાઈઓના આગ્રહથી ગાંધીજી કચ્છના પ્રવાસે નીકળ્યા હતા. સાથે સરદારશ્રી પણ હતા. ગાંધીજીની મંડળીમાં પાંચ છ વર્ષની આનંદી તેમ જ એક બંગાળી ભાઈ કૃષ્ણદાસ પણ હતાં.

માંડવી બંદરે ઊતરતાં સ્વાગત કરવા આવનારાઓને ગાંધીજીની મંડળીની ઓળખાણ આપતાં સરદારશ્રીએ બહુ ઠાવકી રીતે આનંદીને ગાંધીજીએ દત્તક લીધેલી હરિજન બાળા લક્ષ્મી તરીકે અને ભાઈ કૃષ્ણદાસને એક હરિજન તરીકે ઓળખાવ્યા !

તે વખતે કચ્છમાં અસ્પૃશ્યતાનું જોર બહુ ભારે હતું, એ સરદાર જાણતા હતા. લક્ષ્મી નામની હરિજન બાળાને ગાંધીજીએ દત્તક લીધાનું થોડા જ વખત ઉપર જાહેર થયું હતું. એટલે સરદારે સ્વાગત કરનારાઓને મૂંઝવવા આ વિનોદ કર્યો અને તે આખા પ્રવાસમાં ચાલુ રાખ્યો.

જ્યાં જાય ત્યાં ગમે ત્યાંથી પ્રસંગ કાઢીને સરદારશ્રી કૃષ્ણદાસનું અને આનંદીનું આ પ્રમાણે ઓળખાણ આપવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂકતા નહીં. જ બે ચાર ભાઈઓના પ્રયાસથી ગાંધીજીને આમંત્રણ અપાયેલું તેઓ તો અસ્પૃશ્યતાનિવારણના હિમાયતી હોઈ તેમને જરાય હરકત નહોતી; પરંતુ સરદારશ્રીના આ અમલી વિનોદથી તેમની મુશ્કેલી બહુ વધી.

કયે કયે ગામે જવું એ કાર્યક્રમ અગાઉથી જાહેર થઈ ચૂકેલો હતો. ગાંધીજીની સાથે હરિજનો છે એ વાત જાણ્યા પછી કેટલાંક ગામોના લોકો એમને બોલાવવા નારાજ હોય તોપણ ગાંધીજી કાર્યક્રમમાં ફેરફાર થવા દે જ નહીં. એટલે જેમને ત્યાં ઉતારાનું ગોઠવ્યું હોય તે લોકોએ પોતાને ત્યાં ગાંધીજી અને તેમની મંડળીને ઉતારવાની ના પાડી, એવા દાખલા પણ બન્યા. એવી જગ્યાએ ધર્મશાળામાં ઉતારો ગોઠવવો પડતો.

પોતાને ઘેર ગાંધીજીને જેમણે ઉતાર્યા અને મંડળીને જમાડી તેમણે ગાંધીજીની મંડળીને અછૂત ગણીને ઊંચેથી પીરસ્યું અને એમના ગયા પછી આખું ઘર ધોઈ નાખ્યું, એવા દાખલા પણ બન્યા.

એક ગામે તો ધર્મશાળામાં પણ ગાંધીજીની મંડળીને માટે કોઈ રસોઈ કરનાર ન મળ્યું; એટલે સૌએ હાથોહાથ રસોઈ કરી લીધી.

કેટલાંક ગામે સભામાં ધાંધલ થયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ, સરદારશ્રીએ કચ્છ છોડયું ત્યાં સુધી ઠાવકે મોઢે પોતાનો વિનોદ ચાલુ રાખ્યો અને ગાંધીજીને કચ્છનાં ખરાં દર્શન કરાવ્યાં.

૨૨

બોધ આપવાની અનોખી રીત

૧૯૨૨ના નવેંબરના અરસામાં વઢવાણ મુકામે અબ્બાસ સાહેબના પ્રમુખપણા નીચે કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરાઈ હતી. હજી રચનાત્મક કામ વિષે લોકો કેટલું ઓછું સમજતા હતા એનો અહીં સારો પરિચય સરદારને થયો.

આ પરિષદમાં અસ્પૃશ્યતાનિવારણ અંગે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. પરંતુ ગમતની વાત કરતાં આપણી શરમની વાત કહેવી જ યોગ્ય છે કે, હરિજનો માટે બેસવાની આ પરિષદમાં એક અલગ અસ્પૃશ્ય જગ્યા રાખવામાં આવી હતી! એક સ્વયંસેવક ભાઈ અંત્યજ પ્રતિનિધિઓ તથા પ્રેક્ષકોને બીજાઓને ન અડવા અને તેમને માટે અલગ રાખેલા સ્થાને બેસવા સૂચનાઓ આપતા હતા. હરિજનો પણ 'હા બાપુ, હા' કહીને તે સૂચનાનો અમલ કરતા સંકોચાઈને બેસતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રીના જોવામાં આ આવતાં જ તેઓ ઊઠીને હરિજનોની વચ્ચે જઈને બેઠા. દરબાર સાહેબ ગોપાળદાસ અને ભક્તિબા પણ તેમને અનુસર્યાં. પછી તો હરિજનો માટેનું અલગ સ્થાન પરિષદમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયું.

સરદારશ્રીએ તો ત્યાંથી જ ઊભા થઈને પોતાનું ભાષણ કર્યું. પણ એમણે પોતાના ભાષણમાં આ ઘટના વિષે જરા પણ ઇશારો કર્યો નહોતો. ઇશારો શું કામ કરે? એ વિષે તો એમનું મૌન જ વધારે અસરકારક હતું.

૨૩

ભણેલું ભુલાવી દેનાર આચાર્ય!

એક વાર ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવાના વિચારો ચાલતા હતા. ગાંધીજી સાથે બેસીને ગુજરાતના મોટમોટા વિદ્વાનો અને સાક્ષરો મહાવિદ્યાલયના આચાર્યપદે કોને નીમવા તેની ગંભીરતાથી ચર્ચા ચલાવી રહ્યા હતા.

વલ્લભભાઈને બધા વિદ્વાનો આટલી બધી ગંભીરતાથી ચર્ચા કરતા જોઈને કંઈક કહેવાનું મન થયું. તેઓ બોલ્યા: "આચાર્ય તરીકે બીજો કોઈ ન મળે તો મને આચાર્ય બનાવજો. છોકરાઓને હું ભણેલું ભુલાવી દઈશ."

એ સાંભળીને ગાંધીજી અને બીજા સૌ વિદ્વાનો વગેરે હસી પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બીજા હસ્યા અને ગાંધીજી હસ્યા એમાં તફાવત હતો. જ્યારે બીજાઓ મશ્કરી સમજીને હસ્યા, ત્યારે ગાંધીજી તો એમ સમજીને હસ્યા હતા કે, વલ્લભભાઈ કહે છે એ જ તદ્દન ખરી વાત છે. પરદેશી સરકારે આપણને આજ સુધી આપણે રાષ્ટ્રીયતાનું ભાન ભૂલી જઈએ એવું જ શિક્ષણ આપ્યું હતું, એ આત્મઘાતી શિક્ષણને જ ભુલાવી દેવાની પ્રથમ જરૂરિયાત હતી.

૨૪

સરદારનો જલકમલવત્ સ્વભાવ

શ્રી. વિઠ્ઠલભાઈ પટેલને ટીખળ કરવાની બહુ ટેવ હતી. એક વાર તેઓ સરદારશ્રીને મળવા અમદાવાદ આવ્યા હતા. એ વેળાએ તેમણે એનો નાનો પ્રયોગ સરદારશ્રી ઉપર કર્યો. ભદ્રમાં સરદાર જ મકાનમાં રહેતા હતા ત્યાં સરદારના દીવાનખાનાના ઓરડાની બાજુના છજામાં પાયખાનું હતું. શ્રી. વિઠ્ઠલભાઈ આવેલા એટલે કેટલાક મિત્રો તેમને મળવા આવ્યા હતા.

વાતો ચાલતી હતી તે દરમિયાન સરદારશ્રી પાયખાને ગયા. થોડી વાર થઈ, એટલે વિઠ્ઠલભાઈએ ઊઠીને બહારથી સાંકળ દઈ દીધી. પછી ઠાવકું મોં રાખીને ત્યાં આવેલા મિત્રોને ગમ્મતમાં વિઠ્ઠલભાઈ કહેવા લાગ્યા : "આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા સૂબા! આટલી પાયખાનાની સાંકળ ખોલીને તો બહાર અવાતું નથી અને આખા દેશનું સ્વરાજ લેવું છે! પાછા અમે કહીએ છીએ તે માનતા નથી અને અમારી સાથે બાખડી બાંધે છે!"

પછી અર્ધાએક કલાક બાદ વિઠ્ઠલભાઈ સાંકળ ખોલી આવ્યા અને સરદારશ્રી જાણે કશું બન્યું જ ન હોય તેમ બહાર આવીને પોતાના કામમાં લાગી ગયા!

૨૫

ભેંસોનું ભાષણ!

બારડોલી સત્યાગ્રહ વેળાએ સરકારે એવો એક હુકમ કાઢયો હતો કે, જાહેર રસ્તા નજીક અથવા મહોલ્લામાં અથવા જાહેર જગ્યામાં ઢોલ વગેરે ન વગાડવાં. એ હુકમની સરદારશ્રીને જાણ થતાં તેમણે વાલોડ મુકામે મળેલી એક સભામાં કહ્યું: "હવે ઢોલ વગાડવાનું અને શંખ ફૂંકવાનું બંધ કરો. આપણાં ઢોલશંખથી સરકાર ડરી ગઈ છે..."

એવામાં સરકારે વાલોડના થાણામાં પૂરી રાખેલી ભેંસો બરાડા પાડવા લાગી.

સરદારે આ પ્રસંગ ઝડપી લઈને કહેવા માંડયું: "સાંભળો, આ ભેંસોની રાડો. રિપોર્ટરો લખી લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિપોર્ટ કરજો કે, વાલોડના થાણામાં ભેંસો ભાષણ કરે છે. આપણાં ઢોલનગારાંના અવાજોથી આ રાજ્ય ઊંધું વળતું હતું. હવે આ ભેંસોની રાડો સાંભળો. આ રાજ્ય કેવું છે એ હજી તમે ન સમજતા હો તો આ ભેંસો રાડો પાડીને તમને કહે છે, 'આ રાજ્યમાંથી ઇન્સાફ સાં સંતાડી નાસી ગયો છે.'"

૨૬

સરદારનું કાવ્ય

બારડોલી સત્યાગ્રહ વેળાએ સરદારે આપેલાં વ્યાખ્યાનો આપણા સાહિત્યમાં અનોખી ભાત પાડે એવાં છે. કેટલેક ઠેકાણે સરદારશ્રીની વાણીમાં કાવ્ય ઝરતું પણ જોવા મળે છે. એનું એક ઉદાહરણ લઈએ.

સરદારશ્રીએ પોતાના એક ભાષણમાં કહ્યું હતું :—

"આ વખતે સરકારનો પિત્તો ઊછળ્યો છે. પણ લોઢું ગરમ થાય છે, ત્યારે લાલચોળ થાય છે અને તેમાંથી તણખા ઊડે છે. પણ લોઢું ભલે ગમે તેટલું ગરમ થાય, હથોડાએ તો ઠંડા જ રહેવું ઘટે. હથોડો ગરમ થાય તો પોતાનો જ હાથો બાળે. લોઢાનો ઇચ્છાપૂર્વક ઘાટ ઘડવો હોય તો હથોડાને ગરમ થવું ન પાલવે. માટે ગમે તેવી આપત્તિમાં આપણે ગરમ ન જ થઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

સેવા અને માનચાંદ

૧૯૨૭માં ગુજરાતમાં ભારે રેલસંકટ આવ્યું હતું, ત્યારે સરદારશ્રીએ એ ભયંકર આપત્તિમાંથી ગુજરાત – કાઠિયાવાડને બચાવી લેવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ બાબતમાં સરકારી અમલદારો સાથે પણ સરદાર અને બીજા સાથી કાર્યકર્તાઓએ સહકારથી કામ કર્યું હતું અને તેમના પર પોતાની વ્યવસ્થાશક્તિની ખૂબ સારી છાપ પાડી હતી.

એટલે એક વાર સરકારી અમલદાર મિ. ગૅરેટે સરદારશ્રીને પૂછ્યું : "આટલા સારા કામ માટે તમને અને તમારા મુખ્ય મુખ્ય સાથીઓને સરકાર કાંઈ માનચાંદ એનાયત કરે એવી ભલામણ હું કરું, તો એમાં તમને કશો વાંધો છે?"

સરદારશ્રી આ સાંભળી ખડખડાટ હસ્યા. તેમણે જવાબમાં કહ્યું : "મારા સાથીઓ તો તમારા માનચાંદથી બાર ગાઉ દૂર ભાગે એવા છે. સેવાનાં કાર્યોમાં જ એમને આનંદ છે. એમને તો કીર્તિ કે જાહેરાત પણ નથી જોઈતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

અનુયાયીની કસોટી

ગુજરાત – કાઠિયાવાડમાં ભારે રેલસંકટ આવ્યું હતું, તે વેળાએ ગાંધીજી માંદગીને કારણે બેંગ્લોરમાં હતા. ગુજરાતમાંથી કેટલાકે તેમને તાર કરેલા કે, ગુજરાતના આ સંકટની વેળાએ આપે ગુજરાતમાં આવવું જોઈએ. એટલે ગાંધીજીએ સરદારશ્રીને તાર કરીને પૂછ્યું કે, આવું ?

સરદારશ્રીએ જવાબ આપ્યો કે, "તમે દસ વર્ષ થયાં અમને જે તાલીમ આપતા રહ્યા છો તે અમે કેવી પચાવી છે અને તેનો અમલ અમે કેવો કરીએ છીએ તે જોવું હોય તો ન આવશો."

૨૯

સરદારશ્રીનું નમ્ર આત્મપરીક્ષણ

બારડોલી સત્યાગ્રહ પછી સરદારશ્રીને અમદાવાદમાં ભાવભર્યું માનપત્ર આપવામાં આવ્યું હતું. તેના જવાબમાં સરદારશ્રીએ કહ્યું હતું :—

"તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માગું છું કે, મારામાં એ યોગ્યતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે. પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે, મારામાં એ યોગ્યતા નથી. એ મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી. સાચે જ કહું છું કે, તમે પ્રેમના આવેશમાં જે અતિશયોક્તિ ભરેલી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે.

"તમે સૌ જાણતા હશો કે, મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી. પણ ગુરુનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને તેને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી, એનું શું કારણ? કારણ કે, એનામાં ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું, એનામાં લાયકાત હતી.

"મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરુ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા મારામાં નથી, એ વિષે મને શંકા નથી. એ યોગ્યતા જો મારામાં હોત, તો તમે ભવિષ્યને માટે મારે વિષે જે આશાઓ બતાવી છે તે મેં આજે જ સિદ્ધ કરી હોત.

"મને આશા છે કે, હિંદુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહીં કર્યાં હોય, જેમણે એમના શરીરની નહીં પણ એમના મંત્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસના કરી હશે. આ પવિત્ર ભૂમિમાં કોક તો એવો જાગશે જ.

"કેટલાક લોકો કહે છે કે, ગાંધીજી જશે ત્યારે શું થશે? હું એ વિષે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે. આપણે એ કરીશું તો એમને તો કશું કરવાનું રહેલું નથી. એમને જે આપવાનું હતું તે એમણે આપી દીધું છે. હવે આપણે એ કરવાનું રહેલું છે.

"બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી. કોઈ અસાધ્ય રોગથી પીડાતો દર્દી પથારીવશ હોય, આ દુનિયા ને પેલી દુનિયા વચ્ચે ઝોલાં ખાતો હોય, તેને કોઈ સંન્યાસી મળે, તે જડીબુટ્ટી આપે અને માત્રા ઘસીને પાવાથી દર્દીના પ્રાણ સ્વસ્થ થાય, એવી દશા હિંદુસ્તાનના ખેડૂતોની છે. હું તો માત્ર એક સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું.

"માન જો ઘટતું હોય તો તે જડીબુટ્ટી આપનારને છે. કંઈક માન પેલા ચરી પાળનાર દર્દીને ઘટે છે, જેણે સંયમ પાળ્યો અને તેમ કરીને હિંદુસ્તાનનો પ્રેમ મેળવ્યો.

"બીજા કોઈને માન ઘટતું હોય તો મારા સાથીઓને છે, જેમણે ચકિત બનાવે એવી તાલીમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવી છે, જેમણે મને કદી પૂછ્યું નથી કે કાલે તમે કયો હુકમ કાઢશો? આવતી કાલે તમે શું કરવાના છો? ક્યાં જવાના છો? કોની સાથે સમાધાનની વાતો કરવાના છો?... જેમણે મારા પર જરાયે અવિશ્વાસ નથી રાખ્યો, સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ મને મળ્યા છે. એ પણ મારું કામ નથી. આવા સાથીઓ પાકયા છે, જેમને સારુ ગુજરાત મગરૂર છે, તે ગાંધીજીનું કામ છે.

"આમ, જો આ માનપત્રમાંનાં વખાણ વહેંચી આપવામાં આવે, તો બધાં વખાણ બીજાને ભાગે જાય અને મારે ભાગે આ કોરો કાગળ જ રહે એમ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	૦·૭૫
શીલ અને સદાચાર	૦·૩૭
જાણવા જેવી વાતો	૦·૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	૦·૬૨
મોટાં માણસોનાં મન	૦·૫૬
ચીન દેશનાં કથાનકો	૦·૬૨
ભક્તરાજ	૧·૦૦
પ્રતિભાનું પોત	૦·૩૭
માનવજીવનનું ઝવેરાત	૦·૩૭
જીવન અને મરણ	૦·૩૭
ધર્મ સંસ્થાપકો	૦·૩૭
સંત-સમાગમ	૦·૩૭
શેખ સાદીની બોધકથાઓ	૦·૫૦
સંતોની જીવનપ્રસાદી	૦·૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	૦·૪૦
નીતિ અને વ્યવહાર	૦·૪૦
બાપુજીની વાતો-૧	૦·૪૦
નાની નાની વાતો	૦·૫૦
લોભ અને કરુણા	૧·૫૦
અવંતીનાં પરાક્રમો	૦·૩૦
સરદારશ્રીની પ્રતિભા	૦·૪૦
शील और सदाचार	૦·૩૧
जानने जैसी बातें	૦·૫૦
बोधक कहानियाँ	૦·૮૫
Character and Conduct	૦·૩૭
Inspiring Anecdotes	૦·૩૭
In the Company of the Saints	૦·૪૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar